# પ્રેષિત બથોલ્મી
# ફાધર વગીર્સ પૉલ

બાઇબલના નવા કરારના પ્રથમ ત્રણ શુભસંદેશકારો માથ્થી, માર્ક અને લૂકે આપેલી પ્રેષિતોની યાદીમાં આપણને બથોલ્મીનું નામ મળે છે. 'બથોલ્મી' નામનો અર્થ 'થોલ્મી'નો દીકરો થાય છે.

'બથોલ્મી ' નામ એ નામના પ્રેષિતનું મૂળ વૈયક્તિક નામ છે. બાઇબલના પંડિતો 'બથોલ્મી'ને યોહાનકૃત શુભસંદેશના 'નથનિયેલ' તરીકે ઓળખાવે છે. એક વૈયક્તિક નામ તરીકે 'નથનિયેલ'નું નામ ફકત યોહાનકૃત શુભસંદેશમાં આપણને મળે છે. પ્રથમ ત્રણ શુભસંદેશકારો બથોલ્મીનું નામ હમેશાં ફિલિપના નામ સાથે લખતા હોય છે. યોહાનકૃત શુભસંદેશમાં નથનિયેલને ઈસુ પાસે ફિલિપ જ લઇ આવે છે.

સ્નાનસંસ્કાર યોહાનના હસ્તે યર્દન નદીમાં સ્નાનસંસ્કાર પામ્યા પછી ઈસુ ગાલીલ જતા હતા. ગાલીલમાં સૌપ્રથમ "ફિલિપનો ભેટો થતાં ઈસુએ તેને કહ્યું, 'મારી પાછળ પાછળ આવ!' " (યોહાન ૧, ૪૩).

પછી ફિલિપ પોતાના મિત્ર નથનિયેલને ઈસુ પાસે લઇ આવ્યો. ફિલિપ, નથનિયેલ અને ઈસુવાળો પ્રસંગ યોહાને ખૂબ તાદૃશ્ય રીતે રજૂ કર્યા છે. "નથનિયેલનો ભેટો થતા ફિલિપે તેને કહ્યું, 'જેને વિશે મોશેએ ધર્મસંહિતામાં અને પયગંબરોએ પણ લખેલું છે તેનો અમને ભેટો થયો છે; તે યોસેફના પુત્ર નાસરેથના ઈસુ છે.'

"ત્યારે નથનિયેલ બોલી ઊઠયો, 'નાસરેથમાંથી કશું સારું નીપજી શકે ખરું?'

"ફિલિપે કહ્યું, 'ચાલ, અને જો.'

"નથનિયેલને પોતા તરફ આવતો જોઇ ઈસુએ કહ્યું, 'જુઓ, આ એક સાચો ઈસાયલી આવે છે, એનામાં લગારે કપટ નથી.'

"નથનિયેલે તેમને પૂછયું, 'આપ મને કયાંથી ઓળખો?'

"ઈસુએ જવાબ આપ્યો, 'ફિલિપે તને બોલાવ્યો તે પહેલાં મેં તને અંજીરના ઝાડ તળે જોયો હતો.'

"નથનિયેલે કહ્યું, 'ગુરુજી, આપ ઈશ્વરના પુત્ર છો, આપ ઈસાયલના રાજા છો!'

"ઈસુએ તેને કહ્યું, 'મેં તને અંજીરના ઝાડ તળે જોયો હતો, એમ મેં કહ્યું એટલા ઉપરથી તને મારા ઉપર શ્રદ્ધા બેઠી છે? એના કરતાં પણ મોટી બાબતો તને જોવા મળશે.' પછી એમણે કહ્યું, 'હું તમને સાચું કહું છું કે, તમે આકાશને ઊઘડેલું અને દેવદૂતોને માનવપુત્ર દ્વારા ચડતા અને ઊતરતા જોશો' " (યોહાન ૧, ૪૫-૫૧).

જયારે ફિલિપ નથનિયેલને મળ્યા ત્યારે કદાચ નથનિયેલ યહૂદીઓનો પવિત્ર ગંથ (બાઇબલનો જૂનો કરાર) વાંચતા હશે. ચુસ્ત ધર્મપરાયણ યહૂદીઓ અંજીરના ઝાડના છાંયડામાં બેસીને પોતાનો ધર્મગંથ વાંચતા હોય છે. યહૂદી પ્રજાને એમના પયગંબરો દ્વારા ઈશ્વરે વચન આપ્યું હતું, અને પવિત્ર ધર્મગંથમાં એની વાત છે, કે એમનામાંથી મુક્તિદાતા અવતરશે. એટલે જ નથનિયેલે ઈસુને 'ઈશ્વરના પુત્ર અને ઈસાયલના રાજા' તરીકે ઓળખી કાઢયા હશે.

યોહાનકૃત શુભસંદેશના અંત ભાગમાં ફરી આપણે નથનિયેલને મળીએ છીએ. ઈસુના પુનરુત્થાનના બીજા દિવસે પીતરની આગેવાની હેઠળ ઈસુના છએક શિષ્યો માછલાં પકડવા તિબેરિયાસ સરોવર ગયા. યોહાને આ પ્રસંગનું આબેહૂબ વર્ણન કર્યું છે.

"ઈસુએ તિબેરિયાસ સરોવર પાસે શિષ્યોને ફરી વાર દર્શન દીધાં, અને તે આ પ્રમાણેઃ સિમોન પીતર, થોમા (અર્થાત્ જોડિયો), ગાલીલમાં આવેલા કાનાનો નથનિયેલ, ઝબદીના દીકરાઓ અને બીજા બે શિષ્યો ભેગા મળ્યા હતા. એવામાં સિમોન પીતરે કહ્યું, 'હું માછલાં પકડવા જાઉં છું.'

"બીજાઓએ કહ્યું, 'અમે પણ તારી સાથે આવીએ છીએ.' આમ તેઓ ઊપડયા અને મછવામાં ચડી ગયા; પણ તે રાતે તેમના હાથમાં કશું આવ્યું નહિ. પરોઢ થવા માંડ્યું એવામાં ઈસુ કાંઠા ઉપર આવીને ઊભા, પણ શિષ્યોને ખ્યાલ ન આવ્યો કે આ ઈસુ છે. પછી ઈસુએ તેમને કહ્યું, 'છોકરાઓ, તમારી પાસે કંઇ માછલી છે?'

"તેમણે જવાબ આવ્યો, 'ના.'

"એટલે ઈસુએ તેમને કહ્યું, 'મછવાની જમણી બાજુએ જાળ નાખો એટલે મળશે.' એ લોકોએ જાળ નાખી અને એટલી બધી માછલી પકડાઇ કે તેઓ જાળ મછવામાં ખેંચી શકતા નહોતા. ત્યારે ઈસુના વહાલા શિષ્ય પીતરે કહ્યું, 'એ તો પ્રભુ છે!'

" 'એ પ્રભુ છે,' એમ સાંભળીને સિમોન પીતરે ઝભ્ભો ચડાવી દીધો - કારણ, તેણે કપડાં કાઢી નાખ્યાં હતાં - અને સરોવરમાં ઝંપલાવ્યું. પણ બીજા શિષ્યો તો માછલાંથી ભરેલી જાળ ખેંચતા ખેંચતા મછવામાં જ આવ્યા, કારણ, તેઓ કિનારાથી બહુ દૂર નહોતા, માંડ સો ડગલાં હશે.

કિનારે ઊતર્યા ત્યારે તેમણે જોયું તો કોલસા બળતા હતા, તે ઉપર એક માછલી પડેલી હતી અને રોટલો પણ હતો. ઈસુએ તેમને કહ્યું, 'તમે હમણાં પકડી તેમાંથી થોડી માછલી લાવો.'

"એટલે સિમોન પીતર મછવામાં ચડીને મોટી મોટી માછલીઓથી ભરેલી જાળ કિનારે ખેંચી લાવ્યો. એકસો ને ત્રેપન હતી; આટલી બધી હતી તેમ છતાં જાળ તૂટી નહોતી.

"ઈસુએ તેમને કહ્યું, 'આવો, નાસ્તો કરો.' કોઇ શિષ્યની એમ પૂછવાની હિંમત નહોતી ચાલતી કે, 'આપ કોણ છો?' તેઓ જાણતા હતા કે એ પ્રભુ છે. પછી ઈસુએ આવી રોટલો લઇ તેમને આપ્યો, અને એ જ રીતે માછલી પણ આપી" (યોહાન ૨૧, ૧-૧૩).

બથોલ્મીનું નામ ઈસુના પુનરુત્થાન પછી આપણને પ્રેષિતોના ચરિતો ગ્રંથમાં ઈસુના અગિયાર શિષ્યોની યાદીમાં મળે છે.

"શહેરમાં દાખલ થઇને તેઓ માળ ઉપર જે ઓરડામાં રહેતા હતા ત્યાં ગયા - પીતર અને યોહાન, યાકોબ અને આંદ્રિયા, ફિલિપ અને થોમા, બથોલ્મી અને માથ્થી, અલ્ફીના દીકરા યાકોબ અને જહાલ સિમોન, અને યાકોબનો દીકરો યહૂદા" (પ્રેષિતોના ચરિતો ૧, ૧૩).

શુભસંદેશ બથોલ્મીના જીવન અને મિશન વિશે કશુંય કહેતો નથી. પરંતુ પહેલી-બીજી સદીના - આદિ ખ્રિસ્તીઓનો ઈર્તિહાસ તથા પરંપરાગત માન્યતાઓમાંથી એમના જીવન અને મિશન વિશે આપણને કંઇક જાણવા મળે છે. રોનાલ્ડ બ્રાઉનરિગ એમના પુસ્તક 'હૂસ હૂ ધ ન્યૂ ટેસ્ટામેન્ટ'માં લખે છે, "એસેબિયુસ ચોથી સદીના ઈર્તિહાસકાર અને સિસારિયાના ધર્માધ્યક્ષ છે. તેમણે લખ્યું છે કે ઇન્ડિયાની મુસાફરી કરનાર એલેકઝાન્ડિયાનો એક નાગરિક માથ્થીકૃત શુભસંદેશ ત્યાંથી શોધી લાવ્યા છે. હિબ્રુ ભાષામાં લખેલો એ માથ્થીકૃત શુભસંદેશ ઈસુના એક પ્રેષિત બથોલ્મી ત્યાં છોડી દીધા હતા. પરંપરાગત માન્યતા પ્રમાણે અરમેનિયામાં બથોલ્મીને જીવતાં ચામડી છોલી નાખીને મારી નાખવામાં આવ્યો છે. એટલે બથોલ્મીનાં ચિત્રોમાં ચામડી છોલેલા બાહુઓ અને હાથમાં છરી જોવા મળે છે."

નથનિયેલ વિશે આપણે ઘણું જાણીએ છીએ. યોહાનકૃત શુભસંદેશના પ્રથમ પ્રકરણમાં જ ઈસુ નથનિયેલને 'એક સાચો ઈસાયલી' તરીકે ઓળખાવે છે, 'એનામાં લગારે કપટ નથી' (યોહાન ૧, ૪૭).

નથનિયેલ ઈસુને મળી શકયા. કારણ, એમના મિત્ર ફિલિપ એમને ઈસુ પાસે લઇ ગયા. તેમણે ઈસુને સાંભળ્યા અને તેઓ એમને અનુસર્યા. આજે આપણે કેવી રીતે ઈસુને મળીએ અને એમના શુભસંદેશનો કેવો પ્રતિભાવ આપી શકીએ?